# રાજ્યમાં વીવીપેટનો ઉપયોગ કરવાનો ચૂંટણી પંચનો સ્પષ્ટ સંકેત

## મહાત્મા મંદિરમાં આખો દિવસ પંચની ટીમે જિલ્લાઓમાં ચૂંટણીની તૈયારીઓ અંગે સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૨

આજે કેન્દ્રીય ચૂંટણી પંચની ઉચ્ચસ્તરીય ટીમે વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીની તૈયારીઓ અંગે સર્વગ્રાહી સમીક્ષા જિલ્લા કલેક્ટરો અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે કરી હતી.

ચૂંટણી વિષયક કામગીરી માટે કર્મચારીઓની નિમણુંકથી લઈ વીવીપેટના ઉપયોગ સહિતની વાતો આ સમીક્ષા બેઠકમાં થઈ હતી. આ સમીક્ષા બેઠકમાં મતદાન-જાગૃતિ અભિયાન અંગે પણ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

બે નાયબ ચૂંટણી કમિશનરો ઉમેશ સિંહા તેમજ સકસેના ઉપરાંત પંચના ડિરેક્ટર જનરલ ધીરેન્દ્ર ઓઝા, ડાયરેક્ટર નીતિનકુમાર, કન્સલટન્ટ વીપીનકુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓની બનેલી ટીમે પંચના દૃષ્ટિકોણને સ્પષ્ટ કરી તૈયારીઓ અંગેની સર્વગ્રાહી સમીક્ષા કરી નિષ્પક્ષ ચૂંટણી થાય તેના પર ભાર મુક્યો હતો.

મતદાનયાદી સુધારણા ઝુંબેશ અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. વીવીપેટના ઉપયોગને લઈ પણ ખાસ વર્કશોપ આજની સમીક્ષા બેઠક દરમ્યાન યોજવામાં આવ્યો હોવાનુ જાણવા મળેલ છે.

પંચ દ્વારા ચૂંટણીની તૈયારીઓ અંગે પણ એક ખાસ પ્રેઝન્ટેશન આ બેઠકમાં કરાયા બાદ રાજ્યના કલેકટરો દ્વારા પણ વિવિધ તૈયારીઓની જાણકારી આપતા પ્રેઝન્ટેશન રજુ થયા હતા.

મળતી વિગતો પ્રમાણે વી.વી. પેટનો ઉપયોગ તમામ મતદાન મથકો પર કરવાનો હોવાથી આ વખતે કર્મચારીઓની તાલિમ અંગે પણ વિશેષ ભાર આ સમીક્ષા બેઠકમાં મુકવામાં આવ્યો હોવાનુ જાણવા મળેલ છે.



શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા હઠીલી બની છે. સેકટરોમાં છાશવારે ગટરના દુષિત પાણી ફરી વળતા વરસાદી ઋતુમાં રોગચાળોનો ખતરો બેવડયો છે. આવા સંજોગોમાં રહીશોના ઘર આંગણે જ અસહ્ય દુર્ગંધયુક્ત માહોલમાં ખદબદતી ગંદકીના લીધે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. સે-૬ ના જ ટાઈપ વિસ્તારમાં હાલ આવી જ સ્થિતિ છે. જ કક્ષાના બ્લોક નં-૬૦ પાસે ગટરોનુ દુષિત પાણી ફરી વળ્યુ છે. સ્થાનિક રહીશો આ મામલે અનેકવાર રજુઆત કરવા છતા તંત્ર કક્ષાએથી કોઈ પગલા લેવાતા નથી. ત્યારે ગુંગળામણ અનુભવતા આ વિસ્તારના રહીશો પર રોગચાળાનો ખતરો મંડરાયો છે.

# આદિવાડામાં ૯૦ લાખના ખર્ચે સી સી રોડ બનશે

## આદિવાડામાં પાણી ગટર અને રસ્તાની માળખાગત સુવિધા અપગ્રેડ થશે

ગાંધીનગર તા ૧૨

શહેરના આદિવાડા વિસ્તારમાં હાલ ગટર લાઈનને અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે ગટરલાઈનની કામગીરી પુર્ણ થયા બાદ આદિવાડામાં આર સી સી રોડ બનાવાનુ કામ હાથ ધરાશે આ કામગીરી પાછળ રૂ ૯૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. હાલ આ વિસ્તારમાં માર્ગોની દશા બેઠી છે. જયારે આર સી સી રોડ તુટેલી હાલતમાં છે. ગટરના કામ બાદ સી સી રોડનુ કામ ત્વરિત હાથ ધરાશે.

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની દશા બેઠી છે. શહેરી વિસ્તારના ગામોમાં પણ માળખાગત સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. જયારે શહેરના આદિવાડા ગામમાં પણ લાંબા સમયથી પાણી ગટર અને રસ્તાની સુવિધા ખોરવાઈ ગઈ છે. જો કે આદિવાડામાં હાલ ગટરલાઈનનુ કામ ચાલી રહયુ છે. પરંતુ સી સી રોડનુ કામ બાકી છે. વર્ષો જુના સી સી રોડ ગટર લાઈનની કામગીરીના લીધ તુટી ગયા છે. જયારે પુરતા વિસ્તારમાં રોડનેટવર્ક પણ ઉપલબ્ધ નથી. વોર્ડનં -૧ ના કોર્પોરેટર હર્ષાબેન જે ધાંધલની

● અનુસંધાન પાન-૭ પર

# બાલોદ્યાનના રૂપ-રંગ બદલાશે

## બોટીંગ તળાવ પાસે વહેતા ઝરણાનો નજારો આકર્ષણનુ કેન્દ્ર બનશે : બાલોદ્યાનને નવો લુક આપવા માટે ૯.૨૯ કરોડ ખર્ચાશે ક્રાફટ વિલેજ ઉપરાંત કિડસ અને કલ્ચરલ પેવેલિયન સહીત યોગા અને બર્ડ વોચિંગ ઝોન વિકસાવાશે

ગાંધીનગર તા ૧૨

સે-૨૮ના બોલોદ્યાનની શિકલ બદલવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. બાલોદ્યાનના નવિનીકરણ પાછળ રૂ ૯.૨૯ કરોડનો ખર્ચ થશે. એક જમાનામાં સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનેલા બાલોદ્યાન છેલ્લા કેટલાક વર્ષોથી મરણપથારીએ છે. જયારે કોર્પોરેશન દ્વારા સમગ્ર ઉદ્યાનને નવો લુક આપવામાં આવશે. જેને અનુલક્ષી હાલ ક્રાફટ વિલેજનુ નિર્માણ કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં લો ગાર્ડનની પેટર્ન પર ક્રાફટ બજારનુ નિર્માણ કરાશે. કલાત્મક ચીજવસ્તુઓનુ વેચાણ થશે. બાલોદ્યાનમાં સ્થિત તળાવ પાસે ઝરણા વહેતા જોવા મળશે. આ ઉપરાંત બગીચામાં ચિલ્ડ્રન તેમજ યોગાઝોનનુ પણ નિર્માણ કરાશે. વિવિધ ૧૪ થીમને ધ્યાને લઈ બગીચામાં સહેલાણીઓ માટે અવનવા આકર્ષણો સહીત સુવિધાઓ ઉભી કરાશે. એક વર્ષમાં બાલોદ્યાનની કાયાપલટ કરી દેવાશે.

એક જમાનામાં નગરની આગવી ઓળખ સમા બાલોદ્યાનમાં સહેલાણીઓનુ કીડીયારુ ઉભરાતુ હતુ. જયારે ટ્રેઈન તેમજ બોટીંગ તળાવ બાલોદ્યાનનુ વિશેષ આકર્ષણ બનતા શહેર ઉપરાંત અમદાવાદથી પણ બગીચામાં મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતા હતા. હજુ પણ વારે તહેવારે બગીચામાં ભીડ જોવા મળે છે. પરંતુ દાયકાઓના અંતે બાલોદ્યાનની યોગ્ય જાળવણી ન થતા બગીચાની રોનક છેલ્લા એક દાયકાથી ઓસરી ગઈ છે. ત્યારે કોર્પોરેશન દ્વારા આ બગીચાની શિકલ બદલવાનો પ્રોજેકટ તૈયાર કરી કામ પણ શરૂ કરી દેવાયુ છે. બાલોદ્યાનને અનુલક્ષી હાલ અમદાવાદના લો ગાર્ડનની પેટર્ન મુજબ ક્રાફટ વિલેજ તૈયાર કરવામાં આવી રહયુ છે.જેમાં ૬૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે. આ ઠેકાણે સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતી કલાત્મક ચીજવસ્તુઓનુ વેચાણ થશે. જયારે આ ક્રાફટ વિલેજ પાછળ રૂ ૪.૧૯ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત બાલોદ્યાનને સોહામણો અને આકર્ષક બનાવવા માટે પણ વિવિધ ૧૪ થીમ આધારિત કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જેમાં ખાસ ચિલ્ડ્રન પ્લાઝા ,ફુડકાર્ટ, પીકનીક ઝોન, યોગા પેવેલિયન, બર્ડ વોચિંગ ઝોન તેમજ પીકનીક પેવેલિયનનુ પણ નિર્માણ કરવામાં આવશે. પાર્કમાં નેચરલ ટ્રેઈલ પણ વિકસાવાશે. સહેલાણીઓ વૃક્ષો વચ્ચે વોકિંગ કરી શકશે. પીકનીક લોનને પણ સહેલાણીઓ બેસીને ખાણીપીણીની મજા લઈ શકે તે મુજબ વિકસાવાશે. બગીચામાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે પણ ખાસ પેવેલિયન બનાવાશે. જયારે સહેલાણીઓમાં વિશેષ આકર્ષણ ધરાવતા ઉદ્યાનના તળાવને પણ ડેવલપ કરાશે જેમાં તળાવની પાસે ઝરણાના નઝારો પણ મુલાકાતીઓને જોવા મળશે. હરિયાળી લોન પણ વિશિષ્ટ રીતે વિકસાવાશે જયારે પાર્કને વધુ આકર્ષક બનાવવા માટે લેન્ડ સ્કેપીંગનુ કામ પણ કરાશે. પાર્કના પ્રવેશદ્વારને પણ વિશિષ્ટ બનાવાશે. એન્ટ્રન્સ પ્લાઝા પણ નવા લુકમાં જોવા મળશે. બાલોદ્યાનની કામગીરી આગામી એક વર્ષમાં પુર્ણ કરી દેવાશે. જયારે આ કાર્યયોજના પાછળ રૂ ૯.૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# જિલ્લામાં ૨૧૦૦થી વધુ બાળકો કુપોષણથી પિડાય છે

## ૭૫ હજાર બાળકોની ચકાસણીમાં ૨૧૦ અતિ કુપોષિત અને ૧૯૦૦થી વધુ કુપોષિત બાળકો મળી આવ્યા છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનના ત્રીજા તબક્કામાં અત્યાર સુધીમાં ૭૫ હજાર જેટલા બાળકોનુ સ્ક્રીનીંગ કરી દેવાયુ છે જેમાં ૨૧૦ અતિ કુપોષિત અને ૧૯૦૦થી વધુ કુપોષિત બાળકો મળી આવ્યા છે.

જિલ્લાના બાળકો જે ૦ થી ૫ વર્ષની આયુ ધરાવે છે અને હાલ આંગણવાડી કેન્દ્રોમાં છે તે બધાની આરોગ્ય વિભાગ દ્વારા ચકાસણી કરવામાં આવી રહી છે. ગત માસની ૧૬મી જુનથી આ અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અતિ કુપોષિત બાળકો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૭૧ અને ગાંધીનગર શહેરમાંથી ૩૯ બાળકો અત્યાર સુધીમાં મળી આવેલ છે.

જ્યારે ગ્રામ્ય વિસ્તારમાંથી કુપોષિત બાળકો ૧૫૯૧ અને ૩૭૫ બાળકો આ ચકાસણીમાં મળી આવ્યા છે. ગત વર્ષની તુલનામાં આવા બાળકોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યાનો તંત્રના અધિકારીઓએ દાવો કર્યો છે.

શહેરમાંથી ૩૯ અતિ કુપોષિત બાળકો જે મળી આવ્યા છે તેમાં ૪ બાળકો કોમ્લીકેશન ધરાવતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ પૈકીના ૨ બાળકોને સીએમટીસીમાં સારવાર માટે દાખલ પણ કરી દેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવેલા ૧૭૧ બાળકોના કરાયેલ ભૂખ પરીક્ષણમાં ૨૪ બાળકો તેમાં નાપાસ થતાં તેમને સીએમટીસીમાં સારવાર માટે દાખલ કરવાની કામગીરી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર



માર્ગ પર ગાબડા - અમદાવાદથી હિંમતનગરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગાંધીનગર જિલ્લાના છાલા પાસે માર્ગ પર મોટા-મોટા ગાબડા પડ્યા છે... ભારે વરસાદને પગલે રોડ સાવ ધોવાઈ ગયો છે... રાષ્ટ્રીય ધોરીમાર્ગ હોવાને કારણે ટ્રાફીક પણ નિરંતર હોય છે... ધોવાયેલા રોડ અને ગાબડાને કારણે અકસ્માતો સર્જાવાની ભિતિ વધતી જાય છે... તંત્ર દ્વારા સત્વરે માર્ગ દુરસ્તીની કામગીરી આરંભાય તેવી અપેક્ષા વાહનચાલકો સેવી રહ્યા છે...

# જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની ૫૦ ટકા કામગીરી

## ત્રીજા દિવસે ૯૯૭ સ્થાનોએથી પોરા અને ૪૩૯ તાવના દર્દીઓ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાને લઈ શરૂ કરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૫૦ ટકા જેટલી કામગીરી સંપન્ન થવા પામી છે.

આજે તંત્ર દ્વારા જિલ્લામાં ૨૯૧૭૩ ઘરો અને ૧,૪૯,૪૭૨ વ્યક્તીઓને આવરી લેવામાં આવ્યા હતા. બુધવારનો દિવસ મમતા દિવસ તરીકે ઉજવવામાં આવતો હોવાથી ફિમેલ હેલ્થ વર્કરો સર્વેમાં ઓછા જોડાયા હતા અને જેને લીધે સર્વેની કામગીરી ધીમી પડી હતી.

ત્રણ દિવસ દરમ્યાન ૬.૫૦ લાખ જેટલી વસ્તીને સર્વેલન્સમાં આવરી લેવામાં તંત્ર સફળ રહ્યું છે. આજના સર્વેલન્સ દરમ્યાન ૯૯૭ સ્થાનોએથી મચ્છરોના બ્રીડીંગ મળી

● અનુસંધાન પાન-૭ પર

### શહેરમાંથી ત્રણ દિવસમાં ૧૩૬ જેટલા તાવના દર્દી મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો અને તાવના કેસો અંગે હાથ ધરાયેલા સર્વેલન્સમાં છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન ૧૩૬ જેટલા તાવના દર્દી તેમજ ૯૦૦ થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

ગાંધીનગર શહેરમાં મચ્છરોની ઉત્પત્તિ અંગેના સ્થાનોની સંખ્યા અને મેલેરિયાના દર્દીઓની સંખ્યાને લઈ તંત્રએ વધુ ગંભીર બની અને સર્વેલન્સની કામગીરીને સઘન બનાવી છે.

ગાંધીનગર શહેરમાં આજે ત્રીજે દિવસે ૮ હજાર જેટલા ઘરોમાં ૨૦ હજારથી વધુ પાત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી જેમાં ૧૩૬ જેટલા સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્રની ટીમોએ ત્યાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.



# રેરા કાયદાનો કઠોર અમલ કરાવવા હાઈકોર્ટમાં અરજી

## રાજ્ય સરકાર અને શહેરી વિકાસ સચિવને નોટિસ : રેરા કાયદો લાગુ થયાને એક વર્ષ થયું છતાં કાયદો માત્ર કાગળ પર : સરકારની બેદરકારીનો ફાયદો બિલ્ડરોને

અમદાવાદ, તા.૧૨

રેરા એકટની કડક અને ચુસ્ત અમલવારી માટે ગુજરાત હાઈકોર્ટમાં એક મહત્વની જાહેરહિતની રિટ અરજી દાખલ થઈ છે. જેની સુનાવણીમાં હાઈકોર્ટે રાજય સરકાર અને શહેરી વિકાસ સચિવને નોટિસ જારી કરી આ મામલે જરૂરી જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો છે. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી છે. સુરતના સામાજિક કાર્યકર છગનલાલ દોલતરામ મેવાડા દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એડવોકેટ નીરવ કે.મજબુદારે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટને દેશભરમાં લાગુ કરવામાં આવ્યો છે પરંતુ હજુ સુધી ગુજરાત રાજયમાં તેની અસરકારક અને ચુસ્ત અમલવારી જોવા મળી રહી નથી. કાયદાને એક વર્ષ થવા છતાં રેરા કાયદાનો અમલવારી યોગ્ય રીતે નહી થવાના કારણે બિલ્ડરો તેનો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે અને નિર્દોષ નાગરિકો પ્રજાજનો તેનો ભોગ બની રહ્યા છે. રેરા કાયદાની કલમ-૨૦(૧) અને ૪૩(૪) અન્વયે રાજય સરકારે રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીની રચના કરવાની અને રીયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલની રચના કરવાની જોગવાઈ હોવાછતાં હજુ સુધી સરકાર દ્વારા આ અંગેની કોઈ જ કાર્યવાહી કરાઈ નથી.

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com